ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૯૫/૨૦-૨૧/ 2144 તારીખ: 23 JUL 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી કનૈયાલાલ વૃજલાલ જાની,
સરમાં તળાવ પાસે, તરેડ રોડ,
મું.બોરડી,
તા.મહુવા
જી.ભાવનગર.
મો.નં. ૯૮૭૯૭ ૬૮૫૫૪.

કેસ નં.૯૫/૨૦-૨૧

**વિષય :** ખેતીવાડીના વિજ કનેકશન નો રી કનેકશન ચાર્જ લઈ લગાડવા તથા બેદરકાર ઉપર પગલા લેવા બાબત.

**સંદર્ભ :** (૧) આપનો પત્ર તા.૨૩/૦૨/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૫/૦૨/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૫/૨૦-૨૧/૭૫૪ તા.૦૨/૦૩/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૩/૨૦-૨૧/૧૯૭૯ તા.૦૨/૦૭/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૬/૦૭/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:- ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, મહુવા.
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, ભાવનગર.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી-૧, મહુવા.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૯૫/૨૦–૨૧</u> ☜

વાદી :– **શ્રી કનૈયાલાલ વૃજલાલ જાની**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજૂઆતની તારીખઃ– તા.૧૬/૦૭/૨૦૨૧</u>** ◈

હાજર રહયા :– **શ્રી કનૈયાલાલ વૃજલાલ જાની (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એમ.કે.ભીંગરાડીયા,નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી કનૈયાલાલ વૃજલાલ જાની, મું.બોરડી, તા.મહુવા,જી.ભાવનગર ની ખેતીવાડી ના વિજ કનેકશન નો રી કનેકશન ચાર્જ લઈ લગાડવા તથા બેદરકાર ઉપર પગલા લેવા અંગેની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૯૫/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. અત્રેની કચેરીના પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૫/૨૦–૨૧/૭૫૪ તા.૦૨/૦૩/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૧૬/૦૭/૨૦૨૧</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી કનૈયાલાલ વૃજલાલ જાની પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.કે.ભીગરાડીયા,નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજૂઆતઃ</u>– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજૂઆત છે કે...**

૧.૧ અમો વાદીશ્રી જાની કનૈયાલાલ વૃજલાલ, સરમા તળાવ પાસે, તરેડ રોડ, ગામ–બોરડી, તા.મહુવા, જી.ભાવનગર પાસે રહેણાંક ધરાવીએ છીએ. ઉપર મુજબના સ્થળે અમારી ખેતીવાડી આવેલ છે. અમારે ખેતીવાડીમાં ૭.૫ એચ.પી નું કનેકશન ચાલે છે. અમારી પીજીવીસીએલ કચેરી મહુવા રૂરલ–૧ છે. તા.૧/૧/૨૦૨૦ થી પૂરા દેશ દુનિયામાં કોરોના નામનો રોગ આવેલ. ગામે ગામ રોગ ફાટી નીકળેલ તમામ જગ્યાએ રોગ હોવાથી અનેક ગામ અને શહેર તથા ગામડામાં વાહન વ્યવહાર બંધ થયેલ અને સરકારી કચેરીઓ બંધ રહેલ.

૧.૨ મહુવા રૂરલ કચેરીવાળા વિજ કનેકશન ના બાકી નાણાં ભરવા ફોન દ્વારા જાણ કરેલ. પરંતુ, શહેર કે ગામડામાં બહાર નીકળવાની મનાઈ હતી. દરેક પોઈન્ટ પર પોલીસ પહેરો હતો અને પીજીવીસીએલ દ્વારા માર્ચ–૨૦૨૦ થી વિજ બિલ આપવાના બંધ કરેલ હતા. તેથી, વિજ બિલ ના નાણાં દરેક ગામમાં એક સાથે મોટા બિલ આપેલ.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૩ ચાર પાંચ મહિના ધંધા રોજગાર બંધ હતા. તેથી વિજ બિલ ના નાણાં ભરી શકેલ નહી પછી કોરોના રોગ નબળો પડવાથી વાહન વ્યવહાર પુનઃ ચાલુ થયેલ તેનો ગેરલાભ મહુવા રૂરલ–૧ કચેરી દ્વારા દાદાગીરી કરીને વિજ કનેકશન મીટર ઉતારી લીધેલ. ત્યારબાદ, એક જ દિવસમાં બે અલગ અલગ એક તારીખ ની આખરી નોટીસ રેવન્યુ આઉટવર્ડ નં–૩૯૯૪ તા.૧૧/૯/૨૦૨૦ અને બીજી નોટીસ રેવન્યુ આઉટવર્ડ નં–૪૮૨૭ તા.૧૧/૯/૨૦૨૦ લગાડી તા.૨૦/૯/૨૦૨૦ બાદ પત્ર મોકલાવેલ પોસ્ટ ઓફીસના સિકકો તપાસ કરાવી છતાં, મે દિવસ–૩૦ ની મુદતની અંદર તા.૨૦/૧૦/૨૦૨૦ ના રૂા.૯૫૦૦/– ભરી આપેલ તેની પહોંચ નં–૨૫૦૪૧૭ થી નાણાં ભરી આપેલ.

૧.૪ કંપની ના નિયમ મુજબ ૩૪૫ નં નોટીસ ૩૦+૩૦ કુલ ૬૦ દિવસ ની મુદત આપવાનો નિયમ છે. છતાં, તે નાણાં ભરેલ બાદમાં મે જણાવેલ કે, કનેકશન કયારે લગાડશો તો સાહેબે જણાવેલ કે, થોડા દિવસમાં લગાડી દેશું. અવાર નવાર ધકકા ખાવા છતાં, કનેકશન લગાડેલ નહી કે રી કનેકશન નો ચાર્જ ભરવા જણાવેલ નહી. કચેરીમાં આવા બેદરકાર કર્મચારી ચાલે નહી કંપની ના કામમાં બેદરકારી ચાલે નહી.

૧.૫ મારા દ્વારા તા.૨૦/૧૦/૨૦૨૦ ના રોજ રૂા.૯૫૦૦/– ભરેલ હોય છતાં, તા.૧૪/૧૨/૨૦૨૦ ના રોજ નાણાં ભરવા વકીલ ની નોટીસ આવેલ. સદર નોટીસ લઈ મહુવા રૂરલ–૧ ઓફીસે ગયેલ તો મને જણાવેલ કે, તમારે હજી રૂા.૫૦૦/– બાકી છે જે ભરી આપો પછી વિજ કનેકશન લગાડી આપશે.

૧.૬ મારા દ્વારા તા.૮/૧/૨૦૨૧ ના રોજ પહોંચ નં–૨૭૪૪૪૪ થી રૂા.૫૦૦/– ભરી આપેલ પછી મેં અનેક ધકકા ખાવા છતાં, વિજ કનેકશન લગાડેલ નહી.

૧.૭ મારી ફરીયાદ નો જીણવટ થી અભ્યાસ કરી મારૂં વિજ કનેકશન ને રીકનેકશન ચાર્જ લઈ લગાડાવવા અને બેદરકાર ઉપર પગલા લેવા હુકમ કરવા વિનંતી છે.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>

૧.૧ અરજદાર નું નામ : શ્રી જાની કનૈયાલાલ વૃજલાલ

ગ્રાહક નું નામ : શ્રી વૃજલાલ નરભેરામભાઈ

ગ્રાહક નં : ૩૭૦૫૨/૦૫૧૫૯/૧

કેટેગરી : A2, 10 H.P

રીલીઝ તારીખ : ૦૬/૧૧/૨૦૦૭

૧.૨ વાદીશ્રી જાની કનૈયાલાલ વૃજલાલ, સરમા તળાવ પાસે, તરેડ રોડ, ગામ–બોરડી, તા.મહુવા, જી.ભાવનગર પાસે રહેણાંક ધરાવીએ છીએ.

૧.૩ વાદીના પુત્ર વૃજલાલ નરભેરામભાઈ જાનીને ઉપર મુજબના સ્થળે A2 કેટેગરી નું થ્રી ફેઈઝ કનેકશન છે. તેમને કનેકશન રીલીઝ વખતે ૭.૫ એચ.પી. નો લોડ હતો. ત્યારબાદ, તેઓ દ્વારા ડિસેમ્બર–૧૪ માં લોડ વધારો કરીને ૧૦ એચ.પી.નું લોડ રાખેલ.

૧.૪ વાદીનું સદર ખેતીવાડી વિજ કનેકશન નું બિલીગ નીચે મુજબ થયેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

| વર્ષ | બનેલ બિલ | લોક | એફ |
|---|---|---|---|
| ૨૦૧૧ | ૬ | ૬ | |
| ૨૦૧૨ | ૬ | ૨ | ૪ |
| ૨૦૧૩ | ૬ | | ૬ |
| ૨૦૧૪ | ૬ | | ૬ |
| ૨૦૧૫ | ૬ | | ૬ |
| ૨૦૧૬ | ૬ | | ૬ |

૧.૫ મીટર રીપ્લેશમેન્ટ રજીસ્ટરમાં દર્શાવ્યા મુજબ વાદીનું વિજ મીટર પ્રફોર્મા નં–૧૫ (૫૪૯૩૨) તા.૨૦/૧૨/૧૬ ના રોજ વિજ મીટર બદલાવેલ અને સદર લેબ રીપોર્ટ મુજબ મીટર માં રીડીગ અવાચ્ય આવેલ. ત્યારબાદ, તા.૨૨/૧૨/૨૦૧૬ ના રોજ સીસ્ટમમાં મીટર ચેઈન્જ કરેલ છે. ત્યારબાદ, ૨૦૧૭ માં ત્રણ બિલ કન્ઝમ્પશન મુજબ આપેલ છે અને તે પછીના ત્રણ બિલ ૦ યુનિટ ના બિલ આપેલ છે.

૧.૬ મીટર રીપ્લેશમેન્ટ રજીસ્ટરમાં દર્શાવ્યા મુજબ વાદીનું વિજ મીટર પ્રફોર્મા નં–૧૫(૯૬૩૮૨) તા.૩/૭/૨૦૧૮ ના રોજ વિજ મીટર બદલાવેલ અને સદર લેબ રીપોર્ટ મુજબ મીટરમાં રીડીગ અવાચ્ય આવેલ અને તા.૨/૭/૧૮ ના રોજ સીસ્ટમમાં મીટર ચેઈન્જ કરેલ છે. તે પછીના ત્રણ બિલ કન્ઝમ્પ્શન મુજબ બિલ આપેલ છે.

૧.૭ ત્યારબાદ, ૨૦૧૯ થી ૨૦૨૦ માં રીડીગ મુજબ ના બિલ આપેલ છે. વાદીને જે બિલ આપવામાં આવેલ છે તેમાં વાદી દ્વારા નિયમીત બિલ ભરપાઈ કરેલ નથી. આ સાથે સામેલ કોષ્ટક પરથી સાબિત થાય છે અને મહુવા રૂરલ – ૧ કચેરી ના ઈલે.આસી.દ્વારા વારંવાર બિલ ની વસુલાત માટે ગયેલ પણ તેમના દ્વારા બિલ ની રકમ ભરપાઈ કરેલ નથી.

૧.૮ વાદીનું માર્ચ–૨૦૨૦ માં રૂા.૮૩૭૪/૯૪ બાકી એરીયર્સ હોવાથી મહુવા રૂરલ–૧ કચેરી દ્વારા તા.૧૫/૩/૨૦૨૦ ના રોજ સદર મીટર ઉતારી દીધેલ છે. જેનો સી.આર.નં–૧૬૩૫ છે.

૧.૯ ત્યારબાદ, મહુવા રૂરલ–૧ ના મીટર રીડર દ્વારા લોકડાઉન ના હિસાબે તા.૨૮/૪/૨૦૨૦ નું બિલ રૂા.૯૪૬/– N સ્ટેટસ નું એવરેજ બિલ આપેલ.

૧.૧૦ ત્યારબાદ, મીટર રીડર દ્વારા તા.૧૬/૭/૨૦૨૦ ના રોજ સ્થળ પર રીડીગ લેવા ગયેલ ત્યારે મીટર ઉતરી ગયેલ હતું અને મીટર ઉતારેલ સી.આર.માં દર્શાવેલ રીડીગ(૧૧૫૩૫–૧૧૦૧૮) ૫૧૭ યુનિટ મુજબ નું રૂા.૧૬૪/૨૦ નું બિલ આપેલ હતું. જે આપેલ કોષ્ટક પરથી જાણી શકાય છે.

૧.૧૧ ત્યારબાદ, મહુવા રૂરલ–૧ કચેરી દ્વારા તા.૧૧/૯/૨૦૨૦ નો રોજ આખરી નોટીસ નં–૩૪૫ આપવામાં આવેલ હતી. ત્યારે, વાદીના વિજ કનેકશન નું એરીયર્સ રૂા.૯૫૯૦/– હતું.

૧.૧૨ માહે સપ્ટેમ્બર–૨૦૨૦ માં રૂા.૯૯૯૦/૩૯ એરીયર્સ હોવાથી, રૂરલ–૧ કચેરી દ્વારા તા.૮/૧/૨૦૨૦ ના રોજ સદર કનેકશન રદ કરવામાં આવેલ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

૧.૧૩ વાદી દ્વારા તેમના રદ થયેલ વિજ કનેકશનના એરીયર્સ રૂા.૯૯૯૦/૩૯ ની સામે રૂા.૯૫૦૦/– તા.૨૦/૧૦/૨૦ ના રોજ ભરપાઈ કરેલ છે અને રૂા.૫૦૦/– તા.૯/૧/૨૦૨૧ ના રોજ ભરપાઈ કરેલ છે. વાદી દ્વારા રેગ્યુલર બિલ ભરપાઈ ના કરવાથી ડીપીસી લાગેલ છે. અને ડીપીસી સહિત હજી રૂા.૮૩૮/૬૮ બાકી છે.

૧.૧૪ આમ, વાદી દ્વારા સદર વિજ કનેકશન ની સામે રકમ પૂરી ભરપાઈ કરેલ ના હોવાથી તેમજ પીડીસી ટુ રીકનેકશન ની અરજી કરેલ ના હોવાથી સદર રદ થયેલ કનેકશન રી કનેકશન થઈ શકેલ નથી.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી જાની કનૈયાલાલ વૃજલાલ, ગામ–બોરડી, દેવળીયા, તા.મહુવા માં ૧૦ એચ.પી.નું ખેતીવાડી વિજ જોડાણ ગ્રાહક નં– ૩૭૦૫૨/૦૫૧૫૯/૧ શ્રી વૃજલાલ નરભેરામ ના નામનું ધરાવતા હતા.

૩.૨ વાદીની ફોરમને રજૂઆત છે કે, કોરોના ના સમય દરમ્યાન તેઓ વિજ બિલ ભરી શકેલ નહી. તેથી, પ્રતિવાદી એ તેઓને નોટીસ આપી તેઓનું કનેકશન કાપી નાંખેલ. ત્યારબાદ, વાદીએ રૂા.૯૫૦૦/– તેમજ રૂા.૫૦૦/– ભરવા છતાં વિજ જોડાણ ચાલુ કરેલ નથી.

૩.૩ પ્રતિવાદીએ ફોરમને રજૂ કરેલ વાદીના વિજ બિલીગ નું સ્ટેટમેન્ટ PRT-145 મુજબ જાન્યુ–૨૦૨૦ એ વાદીની વિજબિલ ની ભરવાપાત્ર રકમ રૂા.૪૫૦૩/૧૯ હતી. વાદીએ છેલ્લે તા.૨૩/૧૨/૨૦૧૯ ના રોજ રૂા.૩૬૦૦/– પ્રતિવાદીને વિજ બિલ પેટે ભરેલ.ત્યારબાદ, વાદીએ સળંગ છ મહિના થી વધુ સમય દરમિયાન વિજ બિલ પેટે કોઈપણ રકમ ભરપાઈ કરી આપેલ નહી.

૩.૪ પ્રતિવાદી એ વાદીના વિજ બિલની રકમ રૂા.૮૩૭૯/૯૪ હોવાથી તા.૧૫/૩/૨૦૨૦ ના રોજ વાદીનું વિજજોડાણ કાપેલ.

૩.૫ પ્રતિવાદીએ તા.૧૧/૯/૨૦૨૦ ના રોજ વાદીને રૂા.૯૯૯૦/૩૯ પૈસા ભરવાની નોટીસ આપેલ અને કનેકશન કાયમી ધોરણે રદ કરવાની નોટીસ આપેલ. જે ભરપાઈ ન થવાથી પ્રતિવાદીએ વાદીનું વિજ જોડાણ તા.૮/૧૦/૨૦૨૦ ના રોજ રદ કરેલ.

૩.૬ વાદીએ તા.૨૦/૧૦/૨૦૨૦ ના રોજ ભરવાપાત્ર થતી રકમ રૂા.૯૯૯૦/૩૯ સામે રૂા.૯૫૦૦/– ને ત્યારબાદ, રૂા.૫૦૦/– તા.૯/૧/૨૦૨૧ ના રોજ ભરપાઈ કરેલ.

૩.૭ વાદીએ તેના વિજ બિલ ની રકમ તા.૨૩/૧૨/૨૦૧૯ થી તા.૨૮/૧૦/૨૦૨૦ સુધી બિલ ભરેલ ન હોઈ, પ્રતિવાદીએ વાદીનું વિજ જોડાણ નિયમ મુજબ ની કાર્યવાહી કરી તા.૮/૧૦/૨૦૨૦ ના રોજ કાયમી ધોરણે રદ કરેલ. જે નિયમ મુજબ ની યોગ્ય કાર્યવાહી છે.

૩.૮ જો વાદી તેના વિજ જોડાણ પુનઃ ચાલુ કરાવવા માંગતા હોય, તો વાદીએ જણાવ્યા મુજબ જે કોઈ બાકી નિકળતી રકમ હોય તે રકમ ભરપાઈ કરી અને પુનઃ વિજ જોડાણ ચાલુ કરવાની નિયમ મુજબ અરજી કરવી જોઈએ. જે વાદીએ કરેલ નથી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

**-:: હુકમ ::-**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી હુકમ કરવામાં આવે છે કે, " પ્રતિવાદીએ કરેલ કાર્યવાહી નિયમ મુજબ છે. તેથી, વાદીની અરજી ગ્રાહય રાખવામાં આવતી નથી. "**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મેહતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(પી.એન.આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ.આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :- **૧૬/૦૭/૨૦૨૧.**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar